Extra No. 82

© 2026

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] TUESDAY, MARCH 3, 2026 / PHALGUNA 12, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૨૦૨૬

તાપી જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો સુધારા પ્રાથમિક આદેશ

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૯-તાપી-જિ.પં.-૨૦૨૬.

૧. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, તાપી તરફથી રજૂ થયેલ દરખાસ્તના આધારે રાજ્ય ચૂંટણી આયોગે તા.૨૪-૦૨-૨૦૨૬ના રોજ તાપી જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ ક્રમાંક:રાચાઅ-ચટણ-સમક-જિ.પં.-વારાફરતી ફાળવણી-યુનિટ-૯-તાપી-૦૨૨૦૨૬, તા.૨૪-૦૨-૨૦૨૬ પ્રસિદ્ધ કરેલ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૬(૩)ની જોગવાઇ અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, તાપી તેમના તા.૨-૩-૨૦૨૬ના પત્રથી તાપી જિલ્લા પંચાયત સીમાંકન અને બેઠક ફાળવણી અંગેની સુધારા દરખાસ્ત રજૂ કરેલ છે. આથી, ચૂંટણી આયોગનો તા.૨૪-૦૨-૨૦૨૬નો તાપી જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરથી ફાળવણી સહીત) અંગેની પ્રાથમિક આદેશ રદ કરી, નીચેની વિગતે નવેસરથી તાપી જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરથી ફાળવણી સહીત) અંગેનો પ્રાથમિક આદેશ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે)ની કલમ-૧૧(૪) અન્વયે જિલ્લા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ-૧૧(૫) અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા. ૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા. ૨૫-૧૦-૧૯૯૪ અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક : KPV-35-DC-ELC-L-4-DP-31-2025, તા.૨૩-૦૭-૨૦૨૫ (જેનો હવે પછી ''જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અન્વયે તાપી જિલ્લા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બિન અનામત સામાન્ય
		અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
		સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
તાપી	૨૬	૧	૦	૧૧	૧૨	૧	૧	૦	૦

૩. વિકાસ કમિશનરશ્રી જિલ્લા પંચાયત માટે અધિનિયમની કલમ-૧૧(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં જિલ્લો એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ-૧૬(૩) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય.

૪. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને જિલ્લાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૧ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) તથા પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો અધિનિયમની કલમ-૧૧(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪, (જેનો હવે પછી ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ-૧૬(૩) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર મંડળની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છેઃ

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આાપવાનું રહે છે.

૫. આ રીતે નામો અપાયા પછી, રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "સામાન્ય ક્રમાંક" કહેવાશે તેવી જોગવાઈ છે.

૬. નિયમોના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૭. નિયમ-૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષયે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠક ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૮. ખાસ ક્રમાંક કઈ રીતે આપવા તે માટે નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧, ત્યારબાદ ઘટતી જતી ટકાવારી પ્રમાણે ૨, ૩ તે રીતે ખાસ ક્રમાંક આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૯. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષયે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં સ્ત્રી બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ જિલ્લા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો (તે પૈકી એક બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત) અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૧૦. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ અથવા યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭ માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની સ્ત્રી સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૨. આ રીતે જુદા જુદા આરક્ષિત વર્ગો માટે બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૩. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ-૧૬(૩) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે તમામ મતદાર મંડળોની વસતી એક સરખી જ રાખવાનું શક્ય નથી. જો એક સરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી મતદાર મંડળોની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે એક સરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય. જેથી તમામ મતદાર મંડળોની વસતી એક સરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળોની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે ઘરછોડ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''શહેરી નિયમો'' તરીકે ઉલ્લેખ થયો છે)ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી. પરંતુ, શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ, આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦% વધ-ઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગે મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, જિલ્લા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાંક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૨૦ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધે કલમ-૧૬ના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

તાપી જિલ્લા પંચાયત વિસ્તારની વસતી ૭૩૧૫૪૨ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૨૮૧૩૬ હોવી જોઈએ. જેમાં ૨૦% વધઘટ મુજબ વધ સાથે મહત્તમ વસતી ૩૩૭૬૩ તથા ઘટ સાથે લઘુત્તમ વસતી ૨૨૫૦૯ હોઈ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવાં જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળોમાં સમાવિષ્ટ ન કરવાં તથા તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

અ. નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસતી	જિલ્લા પંચાયત મતદાર મંડળમાં ૨૦% છૂટ મર્યાદા કરતાં વધુ વધઘટની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૫	ડોલવણ, તા.ડોલવણ	૩૪૧૦૧	(+) ૧.૨૦ %
૨	૨૦	શાલે, તા.નિઝર	૨૦૬૩૨	(-)૬.૬૭ %

૧૪. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ તાપી જિલ્લા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩ માં દર્શાવેલ તાલુકા પંચાયતના મતદાર મંડળનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ તથા તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતીની		અનુ. જાતિ બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી		
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૧	આમલગુંડી તા. સોનગઢ	૧-આમલગુંડી	૨૦૮૬	૬૨૬૬	૨૬	૦.૪૧૫	૬૧૯૨	૯૮.૮૧૯		
		૧૩-મોંઘવાણ	૨૦૮૩	૫૫૪૩	૩	૦.૦૫૦	૫૪૯૩	૯૯.૦૯૮		
		૧૪-મોટા તારપાડા	૧૧૭૭	૫૧૮૩	૦	૦.૦૦૦	૫૧૪૨	૯૯.૨૦૯		
		૧૭-ટાપરવાડા	૧૨૪૬	૫૮૫૨	૦	૦.૦૦૦	૫૮૧૦	૯૯.૨૮૨		
		કુલ	૬૫૯૨	૨૨૮૪૪	૨૯	૦.૧૨૭	૨૨૬૩૭	૯૯.૦૯૪	૧૮	૩
૨	બોરખડી તા. વ્યારા	૩-બોરખડી	૪૬૦૯	૭૦૭૭	૪૮	૦.૬૭૮	૬૬૦૧	૯૩.૨૭૪		
		૧૦-કપુરા	૩૨૮૫	૭૫૨૦	૫૫	૦.૭૩૧	૬૭૬૩	૮૯.૯૩૪		
		૧૩-કટાસવાણ	૨૪૪૭	૭૦૯૪	૪૮	૦.૬૭૭	૬૭૦૦	૯૪.૪૪૬		
		૧૫-ખુશાલપુરા	૨૪૭૬	૭૮૪૦	૧૫૧	૧.૯૨૬	૭૩૩૭	૯૩.૫૮૪		
		કુલ	૧૨૮૧૭	૨૯૫૩૧	૩૦૨	૧.૦૨૩	૨૭૪૦૧	૯૨.૭૮૭	૭	૧૫
૩	બુહારી તા. વાલોડ	૧-અલગટ	૧૬૮૧	૪૯૨૩	૯૩	૧.૮૮૯	૪૦૨૦	૮૧.૬૫૮		
		૨-અંધાત્રી	૩૩૯૧	૬૬૦૫	૩૮	૦.૫૭૫	૪૩૩૭	૬૫.૬૬૨		

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ તથા તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતીની		અનુ. જાતિ બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી		
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૪-બુહારી	૫૯૦૫	૫૯૦૫	૧૩૯	૨.૩૫૪	૧૪૮૭	૨૫.૧૮૨		
		૬-ગોલણ	૨૪૬૪	૫૭૨૮	૧૧	૦.૧૯૨	૫૨૪૨	૯૧.૫૧૫		
		૯-મોરદેવી	૨૦૫૧	૬૬૪૩	૧૬	૦.૨૪૧	૬૨૬૭	૯૪.૩૪૦		
		કુલ	૧૫૪૯૨	૨૯૮૦૪	૨૯૭	૦.૯૯૭	૨૧૩૫૩	૭૧.૬૪૫	૮	૨૪
૪	ધજાંબા તા. ઉકાઈ	૪-ધજાંબા	૩૧૪૬	૫૯૩૮	૦	૦.૦૦૦	૫૯૦૪	૯૯.૪૨૭		
		૧૨-સીંગપુર	૨૩૮૯	૫૬૭૮	૩	૦.૦૫૩	૫૬૪૦	૯૯.૩૩૧		
		૧૩-સીસોર	૨૦૧૧	૫૮૪૯	૦	૦.૦૦૦	૫૭૬૫	૯૮.૫૬૪		
		૧૪-ઉખલદા	૩૧૨૪	૫૯૬૨	૧૯	૦.૩૧૯	૫૮૬૯	૯૮.૪૪૦		
		૧૬-વાઝરડા	૨૪૦૫	૫૬૫૦	૬	૦.૧૦૬	૫૫૮૩	૯૮.૮૧૪		
		કુલ	૧૩૦૭૫	૨૯૦૭૭	૨૮	૦.૦૯૬	૨૮૭૬૧	૯૮.૯૧૩	૨૦	૪
૫	ડોલવણ તા. ડોલવણ	૫-ચુનાવાડી	૨૦૨૫	૬૦૦૪	૬	૦.૧૦૦	૫૯૫૭	૯૯.૨૧૭		
		૬-ડોલવણ	૭૧૭૯	૭૧૭૯	૩૬	૦.૫૦૧	૬૮૭૩	૯૫.૭૩૮		
		૮-કાકડવા	૨૭૨૯	૪૮૨૩	૦	૦.૦૦૦	૪૮૧૬	૯૯.૮૫૫		
		૧૦-કરંજખેડ	૨૨૨૫	૪૯૭૯	૪	૦.૦૮૦	૪૯૬૩	૯૯.૬૭૯		
		૧૪-તકીઆંબા	૨૬૪૮	૬૦૩૯	૦	૦.૦૦૦	૬૦૨૬	૯૯.૭૮૫		
		૧૫-ઉમરવાવ દૂર	૨૪૯૫	૫૦૭૭	૦	૦.૦૦૦	૫૦૪૬	૯૯.૩૮૯		
		કુલ	૧૯૩૦૧	૩૪૧૦૧	૪૬	૦.૧૩૫	૩૩૬૮૧	૯૮.૭૬૮	૧૭	૬
૬	ડોસવાડા તા. સોનગઢ	૨-અગાસવાણ	૨૧૮૩	૫૫૨૪	૩	૦.૦૫૪	૫૪૨૨	૯૮.૧૫૪		
		૪-ધમોડી	૨૬૬૫	૫૫૪૪	૫	૦.૦૯૦	૫૫૧૯	૯૯.૫૪૯		
		૫-ડોસવાડા	૩૯૭૧	૬૬૦૧	૬	૦.૦૯૧	૬૫૬૪	૯૯.૪૩૯		
		૧૦-કીકાકુઈ	૨૬૨૮	૫૬૧૪	૦	૦.૦૦૦	૫૪૪૪	૯૬.૯૭૨		
		૧૧-માંડળ	૨૨૦૮	૬૪૫૫	૦	૦.૦૦૦	૬૩૬૩	૯૮.૫૭૫		
		કુલ	૧૩૬૫૫	૨૯૭૩૮	૧૪	૦.૦૪૭	૨૯૩૧૨	૯૮.૫૬૭	૨૪	૯
૭	ફુલવાડી તા.કુકરમુંડા	૧-બહુરૂપા	૨૦૮૨	૫૧૨૨	૮૪	૧.૬૪૦	૪૪૭૯	૮૭.૪૪૬		
		૨-બાલદા	૨૬૧૮	૪૩૯૮	૨૦૯	૪.૭૫૨	૨૫૯૬	૫૯.૦૨૭		
		૬-ફુલવાડી-૧ (કુકરમુંડા-૧)	૩૩૬૫	૩૩૬૫	૧૭૯	૫.૩૧૯	૭૨૦	૨૧.૩૯૭		

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ તથા તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતીની		અનુ. જાતિ બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી		
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૭-ફુલવાડી-૨ (કુકરમુંડા-૨)	૨૮૩૮	૨૮૩૮	૦	૦.૦૦૦	૧૨૩૦	૪૩.૩૪૦		
		૮-ફુલવાડી-૩	૨૪૧૮	૩૧૧૯	૦	૦.૦૦૦	૩૧૧૯	૧૦૦.૦૦૦		
		૯-ફુલવાડી-૪	૩૭૪૭	૩૭૪૭	૦	૦.૦૦૦	૩૭૪૭	૧૦૦.૦૦૦		
		૧૨-મટાવલ	૬૦૮૩	૪૫૦૬	૦	૦.૦૦૦	૩૭૮૭	૮૪.૦૪૩		
		૧૪-પિશાવર	૧૫૮૦	૨૫૫૦	૯૯	૩.૮૮૨	૧૮૪૩	૭૨.૨૭૫		
		૧૬-સદગવાણ	૧૭૨૨	૨૫૯૪	૫૮	૨.૨૩૬	૧૯૩૪	૭૪.૫૫૭		
		કુલ	૨૬૪૫૩	૩૨૨૩૯	૬૨૯	૧.૯૫૧	૨૩૪૫૫	૭૨.૭૫૩	૩	૨૩
૮	ગડત તા. ડોલવણ	૩-બેડા રાયપુરા	૩૯૧૨	૫૪૦૬	૮૫	૧.૫૭૨	૪૬૯૩	૮૬.૮૧૧		
		૪-બેડચીત	૧૭૬૪	૬૧૨૩	૦	૦.૦૦૦	૫૮૯૦	૯૬.૧૯૫		
		૭-ગડત	૩૯૭૪	૫૬૨૫	૨૬	૦.૪૬૨	૫૫૩૩	૯૮.૩૬૪		
		૯-કલકવા	૩૮૪૧	૫૧૨૧	૧૪૨	૨.૭૭૩	૩૮૭૯	૭૫.૭૪૭		
		૧૬-ઉમરવાવ નજીક	૨૪૮૪	૫૮૯૦	૭	૦.૧૧૯	૫૮૪૮	૯૯.૨૮૭		
		કુલ	૧૫૯૭૫	૨૮૧૬૫	૨૬૦	૦.૯૨૩	૨૫૮૪૩	૯૧.૭૫૬	૯	૧૬
૯	ગુણસદા તા. ઉકાઇ	૨-ભીમપુરા	૩૩૮૯	૫૮૪૧	૧૯૫	૩.૩૩૮	૪૧૭૯	૭૧.૫૪૬		
		૫-દુમદા	૨૧૬૪	૬૨૫૪	૨૦	૦.૩૨૦	૬૦૫૨	૯૬.૭૭૦		
		૭-ગુણસદા	૫૩૨૮	૫૩૨૮	૧૬	૦.૩૦૦	૪૬૬૫	૮૭.૫૫૬		
		૧૦-પીપળકુવા	૨૬૯૦	૬૧૧૭	૦	૦.૦૦૦	૬૦૯૭	૯૯.૬૭૩		
		૧૫-વાડી ભેસરોટ	૨૭૫૦	૫૦૫૨	૦	૦.૦૦૦	૫૦૦૫	૯૯.૦૭૦		
		કુલ	૧૬૩૨૧	૨૮૫૯૨	૨૩૧	૦.૮૦૮	૨૫૯૯૮	૯૦.૯૨૮	૧૧	૧૭
૧૦	કાનપુરા તા. વ્યારા	૪-ચાંપાવાડી	૨૫૨૭	૬૮૬૧	૩૦	૦.૪૩૭	૬૭૨૪	૯૮.૦૦૩		
		૯-કાનપુરા	૩૩૯૯	૬૯૨૬	૮૭	૧.૨૫૬	૬૦૭૭	૮૭.૭૪૨		
		૧૭-પાનવાડી	૨૦૧૨	૬૨૯૩	૯૬	૧.૫૨૬	૫૫૭૫	૮૮.૫૯૦		
		૧૮-તાડકુવા	૨૧૫૯	૬૪૭૩	૬	૦.૦૯૩	૫૪૩૨	૮૩.૯૧૮		
		કુલ	૭૮૨૦	૨૬૫૫૩	૨૧૯	૦.૮૨૫	૨૩૮૦૮	૮૯.૬૬૨	૧૦	૧૮

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ તથા તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતીની		અનુ. જાતિ બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી		
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૧૧	કમાલછોડ તા. વાલોડ	૩-બેડકુવા	૩૪૧૬	૫૮૪૭	૨૨	૦.૩૭૬	૫૬૮૯	૯૭.૨૯૮		
		૫-દેગામા	૫૩૫૦	૫૩૫૦	૬૦	૧.૧૨૧	૪૭૧૦	૮૮.૦૩૭		
		૭-કલમકુઈ	૨૫૯૫	૪૭૩૨	૬૯	૧.૪૫૮	૪૩૯૮	૯૨.૯૪૨		
		૮-કમાલછોડ	૬૪૩૦	૬૪૩૦	૯૫	૧.૪૭૭	૩૧૭૮	૪૯.૪૨૫		
		૧૨-સ્યાદલા	૧૯૯૯	૫૩૪૬	૮૩	૧.૫૫૩	૪૨૪૦	૭૯.૩૧૨		
		કુલ	૧૯૭૯૦	૨૭૭૦૫	૩૨૯	૧.૧૮૮	૨૨૨૧૫	૮૦.૧૮૪	૫	૨૨
૧૨	કરંજવેલ તા.વ્યારા	૧-બાલપુર	૨૮૩૦	૬૩૪૪	૪	૦.૦૬૩	૬૨૬૩	૯૮.૭૨૩		
		૬-ડોલારા	૨૦૨૯	૬૯૬૪	૦	૦.૦૦૦	૬૯૦૭	૯૯.૧૮૨		
		૮-ઝાંખરી	૨૦૪૭	૫૫૬૫	૦	૦.૦૦૦	૫૪૪૬	૯૭.૮૬૨		
		૧૧-કરંજવેલ	૨૯૨૫	૬૭૬૦	૧	૦.૦૧૫	૬૭૦૧	૯૯.૧૨૭		
		કુલ	૯૮૩૧	૨૫૬૩૩	૫	૦.૦૨૦	૨૫૩૧૭	૯૮.૭૬૭	૨૫	૭
૧૩	કેળકુઈ તા. વ્યારા	૫-ઘાટ	૧૯૫૪	૬૬૩૩	૨૮	૦.૪૨૨	૬૫૭૩	૯૯.૦૯૫		
		૧૨-કસવાવ	૨૯૯૦	૬૫૮૪	૪૪	૦.૬૬૮	૬૨૩૪	૯૪.૬૮૪		
		૧૪-કેળકુઈ	૩૭૮૧	૬૨૮૭	૨૨	૦.૩૫૦	૬૧૨૪	૯૭.૪૦૭		
		૧૬-મગરકુઈ	૧૯૬૯	૭૧૭૩	૨૭	૦.૩૭૬	૭૦૫૪	૯૮.૩૪૧		
		કુલ	૧૦૬૯૪	૨૬૬૭૭	૧૨૧	૦.૪૫૪	૨૫૯૮૫	૯૭.૪૦૬	૧૨	૧૨
૧૪	મોહિની તા.ઉચ્છલ	૬-કરોડ	૩૫૪૦	૬૧૮૫	૬	૦.૦૯૭	૬૧૧૧	૯૮.૮૦૪		
		૧૦-મોગરાણ	૧૮૦૦	૪૩૯૮	૨	૦.૦૪૫	૪૩૮૫	૯૯.૭૦૪		
		૧૧-મોહિની-૧	૪૬૩૧	૪૬૩૧	૧૦	૦.૨૧૬	૪૬૨૧	૯૯.૭૮૪		
		૧૨-મોહિની-૨	૩૨૧૧	૪૮૪૬	૦	૦.૦૦૦	૪૭૭૧	૯૮.૪૫૨		
		૧૩-પાટીબંધારા	૬૬૮૦	૭૪૨૫	૦	૦.૦૦૦	૭૧૫૪	૯૬.૩૫૦		
		૧૪-સેવટી	૫૧૮૧	૫૧૮૧	૪	૦.૦૭૭	૫૧૪૧	૯૯.૨૨૮		
		કુલ	૨૫૦૪૩	૩૨૬૬૬	૨૨	૦.૦૬૭	૩૨૧૮૩	૯૮.૫૨૧	૨૩	૧૦
૧૫	મોરંબા તા. કુકરમુંડા	૩-બાલંબા	૧૧૪૯	૩૪૨૮	૦	૦.૦૦૦	૩૩૪૪	૯૭.૫૫૦		
		૪-ચોખીઆમલી	૧૭૨૬	૪૧૭૦	૮	૦.૧૯૨	૪૦૦૯	૯૬.૧૩૯		
		૫-ડાબરીઆંબા (ગંગથા)	૧૧૫૫	૪૧૫૮	૧૭	૦.૪૦૯	૪૧૫૦	૯૯.૮૦૮		

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ તથા તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતીની		અનુ. જાતિ બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી		
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૧૦-ઈંટવાઇ	૧૧૮૭	૩૪૦૩	૩	૦.૦૮૮	૩૩૯૦	૯૯.૬૧૮		
		૧૧-કેવડામોઇ	૨૨૧૨	૪૬૨૪	૦	૦.૦૦૦	૪૬૧૯	૯૯.૮૯૨		
		૧૩-મોરંબા	૨૮૬૯	૪૪૬૫	૦	૦.૦૦૦	૪૪૩૭	૯૯.૩૭૩		
		૧૫-રાજપુર	૨૦૪૧	૩૯૫૮	૦	૦.૦૦૦	૩૯૧૪	૯૮.૮૮૮		
		કુલ	૧૭૯૯૭	૨૮૨૦૬	૨૮	૦.૦૯૯	૨૭૮૬૩	૯૮.૭૮૪	૧૯	૫
૧૬	નિઝર તા. નિઝર	૩-હરદુલી દિગર	૪૮૫૫	૪૮૫૫	૧૮૦	૩.૭૦૮	૩૧૫૪	૬૪.૯૬૪		
		૫-કોઠલી બુદ્રક	૨૫૮૫	૩૯૭૧	૫૦	૧.૨૫૯	૩૩૯૮	૮૫.૫૭૦		
		૭-નિઝર	૭૪૧૬	૪૦૨૫	૧૦૩	૨.૫૫૦	૧૯૨૦	૪૭.૭૦૨		
		૮-નિઝર		૩૩૯૧	૯૮	૨.૮૯૦	૧૪૮૫	૪૭.૭૯૨		
		૧૧-સરવાળા	૨૯૩૨	૪૩૯૩	૧૦૬	૨.૪૧૩	૨૪૮૦	૫૬.૪૫૩		
		૧૬-વ્યાવલ	૧૨૧૧	૪૬૨૫	૩૮૨	૮.૨૫૯	૩૧૩૧	૬૭.૬૯૭		
		કુલ	૧૮૯૯૯	૨૫૨૬૦	૯૧૯	૩.૬૩૮	૧૫૫૬૮	૬૧.૬૩૧	૧	૨૬
૧૭	પાટી તા. ડોલવણ	૧-અંતાપુર	૩૫૯૧	૬૧૦૫	૮	૦.૧૩૧	૬૦૪૪	૯૯.૦૦૧		
		૨-બામણામાળ દૂરૂ	૨૪૭૮	૬૮૯૫	૪૧	૦.૫૯૫	૬૭૬૧	૯૮.૦૫૭		
		૧૧-પાટી	૫૧૪૪	૫૧૪૪	૪૯	૦.૯૫૩	૫૦૨૩	૯૭.૬૪૮		
		૧૨-પીપલવાડા	૧૭૭૫	૬૫૨૬	૦	૦.૦૦૦	૬૫૦૧	૯૯.૬૧૭		
		૧૩-પીઠાદરા	૨૨૦૩	૫૭૬૬	૧૯	૦.૩૩૦	૫૫૯૩	૯૭.૦૦૦		
		કુલ	૧૫૧૯૧	૩૦૪૩૬	૧૧૭	૦.૩૮૪	૨૯૯૨૨	૯૮.૩૧૧	૧૩	૧૧
૧૮	રાણીઆંબા તા. સોનગઢ	૩-ચીમેર	૨૪૮૦	૫૯૬૪	૪	૦.૦૬૭	૫૯૧૮	૯૯.૨૨૯		
		૮-જામખડી	૧૪૬૮	૫૧૨૪	૮	૦.૧૫૬	૫૦૯૩	૯૯.૩૯૫		
		૧૨-મેઢા	૧૨૩૦	૫૦૫૬	૦	૦.૦૦૦	૪૯૯૫	૯૮.૭૯૪		
		૧૫-રાણીઆંબા	૨૭૦૭	૬૧૪૦	૮	૦.૧૩૦	૫૬૩૯	૯૧.૮૪૦		
		૧૬-સાદડુન	૧૨૦૯	૫૭૫૪	૦	૦.૦૦૦	૫૬૪૬	૯૮.૧૨૩		
		કુલ	૯૦૯૪	૨૮૦૩૮	૨૦	૦.૦૭૧	૨૭૨૯૧	૯૭.૩૩૬	૨૨	૧૩
૧૯	સાતકાશી તા.ઉકાઇ	૧-આમલપાડા	૧૨૯૯	૪૪૨૯	૦	૦.૦૦૦	૪૪૧૧	૯૯.૫૯૪		
		૩-બોરદા	૩૧૭૭	૫૫૭૪	૦	૦.૦૦૦	૫૪૮૦	૯૮.૩૧૪		

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ તથા તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતીની		અનુ. જાતિ બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી		
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૬-ફતેપુર	૩૦૩૪	૫૭૧૦	૦	૦.૦૦૦	૫૭૦૮	૯૯.૯૬૫		
		૮-ખેરવાડા	૧૯૭૯	૫૫૦૫	૩	૦.૦૫૪	૫૪૮૪	૯૯.૬૧૯		
		૯-લીંબી	૨૮૦૮	૫૫૮૨	૦	૦.૦૦૦	૫૫૬૨	૯૯.૬૪૨		
		૧૧-સાતકાશી	૩૭૪૨	૪૧૮૪	૨	૦.૦૪૮	૪૧૭૮	૯૯.૮૫૭		
		કુલ	૧૬૦૩૯	૩૦૯૮૪	૫	૦.૦૧૬	૩૦૮૨૩	૯૯.૪૮૦	૨૬	૧
૨૦	શાલે તા. નિઝર	૯-રાયગઢ-૧	૩૯૯૭	૩૯૯૭	૩	૦.૦૭૫	૩૭૦૪	૯૨.૬૭૦		
		૧૦-રાયગઢ-૨	૩૪૮૬	૩૪૮૬	૦	૦.૦૦૦	૩૨૮૨	૯૪.૧૪૮		
		૧૨-શાલે-૧	૫૯૭૩	૫૯૭૩	૦	૦.૦૦૦	૫૯૭૩	૧૦૦.૦૦		
		૧૩-શાલે-૨	૭૧૭૬	૭૧૭૬	૩૫	૦.૪૮૮	૫૦૦૪	૬૯.૭૩૨		
		કુલ	૨૦૬૩૨	૨૦૬૩૨	૩૮	૦.૧૮૪	૧૭૯૬૩	૮૭.૦૬૪	૧૫	૧૯
૨૧	ટોકરવા (સેગુપાડા) તા. સોનગઢ	૬-ગાળકુવા	૧૭૨૫	૫૭૫૦	૩૨	૦.૫૫૭	૫૬૪૭	૯૮.૨૦૯		
		૭-હિરાવાડી	૧૨૩૨	૬૬૬૮	૦	૦.૦૦૦	૬૬૪૩	૯૯.૬૨૫		
		૯-ખાંજર	૧૮૩૩	૫૯૩૦	૨	૦.૦૩૪	૫૮૬૫	૯૮.૯૦૪		
		૧૮-ટોકરવા (સેગુપાડા)	૩૩૯૦	૬૪૭૦	૭	૦.૧૦૮	૬૩૨૫	૯૭.૭૫૯		
		કુલ	૮૧૮૦	૨૪૮૧૮	૪૧	૦.૧૬૫	૨૪૪૮૦	૯૮.૬૩૮	૧૬	૮
૨૨	ઉચ્છલ તા. ઉચ્છલ	૧-આનંદપુર	૨૧૬૩	૫૬૫૬	૦	૦.૦૦૦	૫૬૨૪	૯૯.૪૩૪		
		૨-ભડભુંજા	૪૧૬૪	૫૩૦૬	૦	૦.૦૦૦	૫૧૭૬	૯૭.૫૫૦		
		૭-કટાસવાણ	૨૬૯૭	૫૪૪૨	૦	૦.૦૦૦	૫૩૯૩	૯૯.૧૦૦		
		૯-મીરકોટ	૧૭૦૭	૫૪૭૬	૦	૦.૦૦૦	૫૩૦૩	૯૬.૮૪૧		
		૧૫-ઉચ્છલ	૪૧૮૦	૪૧૮૦	૬૬	૧.૫૭૯	૩૫૧૧	૮૩.૯૯૫		
		કુલ	૧૪૯૧૧	૨૬૦૬૦	૬૬	૦.૨૫૩	૨૫૦૦૭	૯૫.૯૫૯	૧૪	૧૪
૨૩	ઉચામાળા તા. વ્યારા	૨-બેડકુવા દૂર	૪૦૦૮	૬૬૦૩	૪૫	૦.૬૮૨	૬૪૦૯	૯૭.૦૬૨		
		૭-ઘાટા	૨૧૮૧	૭૬૩૯	૪૫	૦.૫૮૯	૭૫૨૯	૯૮.૫૬૦		
		૧૯-ઉચામાળા-૧	૪૮૪૬	૬૯૮૬	૨૮	૦.૪૦૧	૬૫૩૫	૯૩.૫૪૪		
		૨૦-ઉચામાળા-૨	૩૯૮૪	૬૧૭૬	૩૭૭	૬.૧૦૪	૨૯૦૦	૪૬.૯૫૬		
		કુલ	૧૫૦૧૯	૨૭૪૦૪	૪૯૫	૧.૮૦૬	૨૩૩૭૩	૮૫.૨૯૦	૪	૨૧

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ તથા તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતીની		અનુ. જાતિ બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી		
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૨૪	વડપાડા નેસુ તા. ઉચ્છલ	૩-ભીંત બુદ્રક્	૨૪૭૮	૬૩૭૫	૧૫	૦.૨૩૫	૬૩૨૫	૯૯.૨૧૬		
		૪-ભીંત ખુર્દ	૪૪૧૯	૫૩૬૮	૦	૦.૦૦૦	૫૩૫૩	૯૯.૭૨૧		
		૫-ચીખલી	૪૬૨૫	૬૩૭૭	૦	૦.૦૦૦	૬૩૬૩	૯૯.૭૮૦		
		૮-ખાબદા	૧૭૭૯	૪૬૩૬	૧	૦.૦૨૨	૪૬૨૫	૯૯.૭૬૩		
		૧૬-વડપાડા નેસુ	૬૯૩૪	૬૯૩૪	૧૦	૦.૧૪૪	૬૮૩૭	૯૮.૬૦૧		
		કુલ	૨૦૨૩૫	૨૯૬૯૦	૨૬	૦.૦૮૮	૨૯૫૦૩	૯૯.૩૭૦	૨૧	૨
૨૫	વાલોડ તા. વાલોડ	૧૦-રાનવેરી	૨૨૯૯	૫૭૫૭	૪૪	૦.૭૬૪	૪૯૪૩	૮૫.૮૬૧		
		૧૧-શિકેર	૨૬૨૩	૫૮૦૩	૨૧	૦.૩૬૨	૩૯૫૦	૬૮.૦૬૮		
		૧૩-વાલોડ-૧	૫૨૭૦	૫૨૭૦	૦	૦.૦૦૦	૨૪૫૬	૪૬.૬૦૩		
		૧૪-વાલોડ-૨	૫૪૮૭	૫૪૮૭	૦	૦.૦૦૦	૨૪૪૮	૪૪.૬૧૫		
		૧૫-વાલોડ-૩	૫૩૧૮	૫૩૧૮	૨૬૧	૪.૯૦૮	૨૪૨૬	૪૫.૬૧૯		
		૧૬-વેડછી	૨૭૫૦	૫૪૨૨	૩૬	૦.૬૬૪	૫૦૭૭	૯૩.૬૩૭		
		કુલ	૨૩૭૪૭	૩૩૦૫૭	૩૬૨	૧.૦૯૫	૨૧૩૦૦	૬૪.૪૩૪	૬	૨૫
૨૬	વેલદા તા. નિઝર	૧-ભીલ જાંબોલી	૨૪૦૯	૪૬૩૮	૨૭	૦.૫૮૨	૪૫૫૪	૯૮.૧૮૯		
		૨-બોરદા	૧૪૦૭	૩૭૫૧	૪૨	૧.૧૨૦	૩૬૨૩	૯૬.૫૮૮		
		૪-ખોડદા	૪૧૬૯	૪૧૬૯	૦	૦.૦૦૦	૪૦૫૦	૯૭.૧૪૬		
		૬-લક્ષ્મીખેડા	૨૫૫૬	૩૫૬૩	૦	૦.૦૦૦	૩૪૮૮	૯૭.૮૯૫		
		૧૪-વેલદા-૧	૩૭૦૮	૩૭૦૮	૫૫૯	૧૫.૦૭૬	૨૩૮૭	૬૪.૩૭૪		
		૧૫-વેલદા-૨	૩૮૦૩	૩૮૦૩	૧૯	૦.૫૦૦	૨૦૯૨	૫૫.૦૦૯		
		કુલ	**૧૮૦૫૨**	**૨૩૬૩૨**	**૬૪૭**	**૨.૭૩૮**	**૨૦૧૯૪**	**૮૫.૪૫૨**	**૨**	**૨૦**

૧૫. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ અને ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૮ તથા ૯ માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	અ.જા./અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ			
૧૬	નિઝર	૧	અનુસૂચિત જાતિ સ્ત્રી

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	અ.જા./અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત આદિજાતિ			
૧૯	સાતકાશી	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૪	વડપાડાનેસુ	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧	આમલગુંડી	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૪	ધજાંબા	૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૫	મોરંબા	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	ડોલવણ	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૨	કરંજવેલ	૭	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૧	ટોકરવા (સેગુપાડા)	૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૬	ડોસવાડા	૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૪	મોહિની	૧૦	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૭	પાટી	૧૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૩	કેળકુઈ	૧૨	અનુસૂચિત આદિજાતિ
૧૮	રાણીઆંબા	૧૩	અનુસૂચિત આદિજાતિ
૨૨	ઉચ્છલ	૧૪	અનુસૂચિત આદિજાતિ
૨	બોરખડી	૧૫	અનુસૂચિત આદિજાતિ
૮	ગડત	૧૬	અનુસૂચિત આદિજાતિ
૯	ગુણસદા	૧૭	અનુસૂચિત આદિજાતિ
૧૦	કાનપુરા	૧૮	અનુસૂચિત આદિજાતિ
૨૦	શાલે	૧૯	અનુસૂચિત આદિજાતિ
૨૬	વેલદા	૨૦	અનુસૂચિત આદિજાતિ
૨૩	ઉચામાળા	૨૧	અનુસૂચિત આદિજાતિ
૧૧	કમાલછોડ	૨૨	અનુસૂચિત આદિજાતિ
૩	બુહારી	૨૪	અનુસૂચિત આદિજાતિ

૧૬. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવાની બેઠકનો પ્રકાર
૧૬	નિઝર	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
૨૫	વાલોડ	સા.શૈ.પછાતવર્ગ

૧૭. નિયમોના નિયમ ૬ અને ૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવવાની થાય પરંતુ જાહેરનામાંની વિગતે સામાન્ય સ્ત્રી તથા બિન અનામત સામાન્ય વર્ગ માટે કોઈ બેઠકો નક્કી થઈને આવેલ ન હોઈ આ વર્ગમાં કોઈ બેઠક ફાળવવાની રહેતી નથી.

૧૮. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪-૪૮-જી,તા. ૦૮-૦૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા. ૧૦-૦૫-૨૦૧૦થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઈ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન કરી) બેઠકો ફાળવણી કરશે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૩૨-ઈએલસી-૧૦૨૦૧૦-૧૪૩(૪)-જી, તા. ૦૫-૦૮-૨૦૧૫ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ના નિયમ ૪(૩), ૫(૩), ૬ અને ૭ પછી પરંતુક ઉમેરવામાં આવેલ છે.

ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત(મતદાર વિભાગનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ-૪થી થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક, તા.૨૦-૦૯-૨૦૨૫થી નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છે:

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫, ૨૦૧૮ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી, કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા/તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના રહેતા નથી).

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ (જે તે વર્ગની સ્ત્રીને પ્રથમ પસંદગી આપી) ની બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઈ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

૧૯. તાપી જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે સને-૨૦૧૧ ની વસતી ગણતરી આધારે સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં ૨૦૧૫ તથા ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે રીતે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૨૦. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે વિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો નંબર	**મતદાર મંડળનું નામ**	**મતદાર મંડળનો ખાસ ક્રમાંક**	**અ.જા./અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)**
૧	**૨**	**૩**	**૪**
અનુસૂચિત જાતિ			
૭	ફુલવાડી	૩	અનુસૂચિત જાતિ સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ			
૧	આમલગુંડી	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩	બુહારી	૨૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	અ.જા./અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
૫	ડોલવણ	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૦	કાનપુરા	૧૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૩	કેળકુઈ	૧૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૫	મોરંબા	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૯	સાતકાશી	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૧	ટોકરવા (સેગુપાડા)	૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૨	ઉચ્છલ	૧૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૪	વડપાડાનેસુ	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૬	વેલદા	૨૦	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨	બોરખડી	૧૫	અનુસૂચિત આદિજાતિ
૪	ધજાંબા	૪	અનુસૂચિત આદિજાતિ
૬	ડોસવાડા	૯	અનુસૂચિત આદિજાતિ
૮	ગડત	૧૬	અનુસૂચિત આદિજાતિ
૯	ગુણસદા	૧૭	અનુસૂચિત આદિજાતિ
૧૧	કમાલછોડ	૨૨	અનુસૂચિત આદિજાતિ
૧૨	કરંજવેલ	૭	અનુસૂચિત આદિજાતિ
૧૪	મોહિની	૧૦	અનુસૂચિત આદિજાતિ
૧૭	પાટી	૧૧	અનુસૂચિત આદિજાતિ
૧૮	રાણીઆંબા	૧૩	અનુસૂચિત આદિજાતિ
૨૦	શાલે	૧૯	અનુસૂચિત આદિજાતિ
૨૩	ઉચામાળા	૨૧	અનુસૂચિત આદિજાતિ

૨૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવાની બેઠકનો પ્રકાર
૧૬	નિઝર	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
૨૫	વાલોડ	સા.શૈ.પછાતવર્ગ

૨૨. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ તાપી જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનું અને અનુસૂચિ-૧ મુજબ મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી ને આખરી સ્વરૂપ આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેનાં સૂચનો મંગાવવાનાં થાય છે.

આથી આ મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને કોઈપણ સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી ૭ (સાત) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, તાપીને પણ આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૪. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર-વિનિમય (Consult) કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૯-તાપી-જિ.પં.-૨૦૨૬, તા.૦૩/૦૩/૨૦૨૬ નું સાંધણ

અનુસૂચિ-૧

જિલ્લાનું નામ : તાપી **જિલ્લા પંચાયતનું નામ : તાપી**

અ. નં	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૩(૩)	૪(૧)	૪(૨)	૫
૧	તાપી	૧	આમલગુંડી	સોનગઢ	૧૮	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨	બોરખડી	વ્યારા	૭	૧૫	અનુસૂચિત આદિજાતિ
		૩	બુહારી	વાલોડ	૮	૨૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૪	ધજાંબા	ઉકાઈ	૨૦	૪	અનુસૂચિત આદિજાતિ
		૫	ડોલવણ	ડોલવણ	૧૭	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૬	ડોસવાડા	સોનગઢ	૨૪	૯	અનુસૂચિત આદિજાતિ
		૭	ફુલવાડી	કુકરમુંડા	૩	૨૩	અનુસૂચિત જાતિ સ્ત્રી
		૮	ગડત	ડોલવણ	૯	૧૬	અનુસૂચિત આદિજાતિ
		૯	ગુણસદા	ઉકૈાઈ	૧૧	૧૭	અનુસૂચિત આદિજાતિ
		૧૦	કાનપુરા	વ્યારા	૧૦	૧૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૧	કમાલછોડ	વાલોડ	૫	૨૨	અનુસૂચિત આદિજાતિ
		૧૨	કરંજવેલ	વ્યારા	૨૫	૭	અનુસૂચિત આદિજાતિ
		૧૩	કેળકુઈ	વ્યારા	૧૨	૧૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૪	મોહિની	ઉચ્છલ	૨૩	૧૦	અનુસૂચિત આદિજાતિ
		૧૫	મોરંબા	કુકરમુંડા	૧૯	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૬	નિઝર	નિઝર	૧	૨૬	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
		૧૭	પાટી	ડોલવણ	૧૩	૧૧	અનુસૂચિત આદિજાતિ
		૧૮	રાણીઆંબા	સોનગઢ	૨૨	૧૩	અનુસૂચિત આદિજાતિ
		૧૯	સાતકાશી	ઉકાઈ	૨૬	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૦	શાલે	નિઝર	૧૫	૧૯	અનુસૂચિત આદિજાતિ
		૨૧	ટોકરવા (સેગુપાડા)	સોનગઢ	૧૬	૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૨	ઉચ્છલ	ઉચ્છલ	૧૪	૧૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૩	ઉચામાળા	વ્યારા	૪	૨૧	અનુસૂચિત આદિજાતિ
		૨૪	વડપાડાનેસુ	ઉચ્છલ	૨૧	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

અ. નં	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૩(૩)	૪(૧)	૪(૨)	૫
		૨૫	વાલોડ	વાલોડ	૬	૨૫	સા.શૈ.પછાતવર્ગ
		૨૬	વેલદા	નિઝર	૨	૨૦	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૯-તાપી-જિ.પં.-૨૦૨૬, તા.૦૩/૦૩/૨૦૨૬ નું સાંધણ

અનુસૂચિ-૨

તાપી જિલ્લા પંચાયતની તાલુકા પંચાયતોના મતદાર મંડળો તથા તેમાં સમાવિષ્ટ ગામોની યાદી

તાલુકા પંચાયતનું નામ: વ્યારા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧	બાલપુર	૧	બાલપુર
		૨	આંબિયા
		૩	વાંદરદેવી
		૪	કાટકુઇ
૨	બેડકુવા દૂર	૧	કણજા
		૨	કાળા વ્યારા
		૩	બેડકુવા દૂર
૩	બોરખડી	૧	બોરખડી
		૨	માયપુર
		૩	કોહલી
૪	ચાંપાવાડી	૧	વાઘપાણી
		૨	સાદડવાણ
		૩	ચાંપાવાડી
		૪	કાટીસકુવા નજીક
		૫	ચીખલવાવ
૫	ધાટ	૧	ધાટ
		૨	કાંજણ
		૩	ખુટાડીયા
		૪	સાંકળી
૬	ડોલારા	૧	ડોલારા
		૨	મેઘપુર
		૩	આરકુંડ
		૪	પેરવડ
		૫	લખાલી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૭	ઘાટા	૧	ઉમરકુવા
		૨	વડકુઇ
		૩	વાંસકુઇ
		૪	કાટીસકુવા દૂર
		૫	ઘાટા
૮	ઝાંખરી	૧	ચીચબરડી
		૨	વડપાડા
		૩	ભુરીવેલ
		૪	ઝાંખરી
		૫	નાના સાતશીલા
		૬	ઢોલીઉમર
		૭	બીરબરા
		૮	રાણીઆંબા
		૯	ઢોંગીઆંબા
		૧૦	છેવડી
		૧૧	બરમાડા
૯	કાનપુરા	૧	કાનપુરા
		૨	ચીખલી
		૩	વીરપુર
૧૦	કપુરા	૧	રૂપવાડા
		૨	ખાનપુર
		૩	કપુરા
		૪	ભોજપુર
૧૧	કરંજવેલ	૧	કરંજવેલ
		૨	કપડવણ
		૩	મીરપુર
		૪	વાલોઠા
		૫	ખુરદી
૧૨	કસવાવ	૧	જેસીંગપુરા
		૨	કસવાવ
		૩	ઘેરીયાવાવ
૧૩	કટાસવાણ	૧	કટાસવાણ
		૨	ડુંગરગામ
		૩	ભાનાવાડી
		૪	લોટરવા
૧૪	કેળકુઇ	૧	કેળકુઇ
		૨	બામણામાળ નજીક

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
		૩	રામકુવા
		૪	ઉમરકુઈ
૧૫	ખુશાલપુરા	૧	ખુશાલપુરા
		૨	ટીચકપુરા
		૩	પનિયારી
		૪	ભાટપુર
		૫	અંધારવાડી નજીક
		૬	શાહપુર
૧૬	મગરકુઈ	૧	સરૈયા
		૨	છીંડીયા
		૩	વેલધા
		૪	મગરકુઈ
		૫	દડકવણ
		૬	છીરમા
		૭	માલોઠા
૧૭	પાનવાડી	૧	મદાવ
		૨	મુસા
		૩	જેતવાડી
		૪	ચીખલદા
		૫	વાઘઝરી
		૬	પાનવાડી
૧૮	તાડકુવા	૧	ઈન્દુ
		૨	રામપુરા નજીક
		૩	બેડકુવા નજીક
		૪	તાડકુવા
		૫	સરકુવા
		૬	કાટગઢ
૧૯	ઉંચામાળા-૧	૧	લીમડદા
		૨	ઉંચામાળા વોર્ડ ન . ૧ થી ૭
૨૦	ઉંચામાળા-૨	૧	ઉંચામાળા વોર્ડ ન . ૮ થી ૧૨
		૨	ખોડતળાવ

તાલુકા પંચાયતનું નામઃ ડોલવણ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧	અંતાપુર	૧	અંતાપુર
		૨	અંધારવાડી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૨	બામણામાળ દૂર	૧	બામણામાળ દૂર
		૨	વાંકલા
		૩	કુંભીયા
		૪	બાગલપુર
૩	બેડારાયપુરા	૧	બેડારાયપુરા
		૨	ઘાણી
૪	બેડચીત	૧	બેડચીત
		૨	કમલાપુર
		૩	રેંગણકચ્છ
		૪	ભોજપુર દૂર
		૫	રામપુરા દૂર
		૬	ધંતુરી
		૭	ગારવણ
૫	ચુનાવાડી	૧	ચુનાવાડી
		૨	બોરકચ્છ
		૩	રાયગઢ
		૪	હલમુડી
		૫	આમોનીયા
		૬	ડુંગરડા
૬	ડોલવણ	૧	ડોલવણ
૭	ગડત	૧	ગડત
		૨	ઉમરકચ્છ
૮	કાકડવા	૧	કાકડવા
		૨	કોસમકુવા
		૩	વરજાખણ
૯	કલકવા	૧	કલકવા
		૨	ધરમપુરા
		૩	ગાંગપુર
૧૦	કરંજખેડ	૧	કરંજખેડ
		૨	ઢાંગધર
		૩	બેસનીયા
૧૧	પાટી	૧	પાટી
૧૨	પીપલવાડા	૧	કલમકુઈ
		૨	હરીપુરા
		૩	ધોળકા
		૪	આછોપાલો
		૫	પીપલવાડા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
		૬	આમણીયા
		૭	બરડીપાડા
૧૩	પીઠાદરા	૧	પીઠાદરા
		૨	જામલીયા
		૩	પલાસીયા
		૪	પંચોલ
૧૪	તકીઆંબા	૧	તકીઆંબા
		૨	કણધા
		૩	પદમડુંગરી
૧૫	ઉમરવાવ દૂર	૧	ઉમરવાવ દૂર
		૨	ગારપાણી
		૩	પાઠકવાડી
૧૬	ઉમરવાવ નજીક	૧	પાલાવાડી
		૨	ઉમરવાવ નજીક
		૩	મંગળીયા
		૪	ધામણદેવી
		૫	ચાકધરા
		૬	કેલવણ
		૭	આંબાપાણી

તાલુકા પંચાયતનું નામઃ વાલોડ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧	અલગટ	૧	અલગટ
		૨	અધ્યાપોર
		૩	ગોડધા
		૪	જામણીયા
૨	અંધાત્રી	૧	અંધાત્રી
		૨	વીરપોર
		૩	પેલાડ બુહારી
૩	બેડકુવા	૧	બેડકુવા
		૨	ધામોદલા
૪	બુહારી	૧	બુહારી
૫	દેગામા	૧	દેગામા
૬	ગોલણ	૧	ગોલણ
		૨	દાદરીયા
		૩	નાલોઠા
૭	કલમકુઈ	૪	કલમકુઈ
		૫	કહેર

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૮	કમાલછોડ	૧	કમાલછોડ
૯	મોરદેવી	૧	મોરદેવી
		૨	કોસંબીયા
		૩	કુંભીયા
		૪	ડુમખલ
		૫	કણજોડ
૧૦	રાનવેરી	૧	રાનવેરી
		૨	હથુકા
		૩	બહેજ
		૪	ભીમપોર
૧૧	શિકેર	૧	શિકેર
		૨	શાહપોર
		૩	ખાંભલા
		૪	નનસાડ
		૫	દેલવાડા
૧૨	સ્યાદલા	૧	સ્યાદલા
		૨	તીતવા
		૩	બેલ્યા
		૪	બુટવાડા
		૫	ઈનમા
		૬	ટોકરવા
૧૩	વાલોડ	૧	વાલોડ વોર્ડ નં. ૧ થી ૫ અને વોર્ડ ૯
૧૪	વાલોડ	૧	વાલોડ વોર્ડ નં. ૬ થી ૮, ૧૦ થી ૧૨
૧૫	વાલોડ	૧	વાલોડ વોર્ડ નં. ૧૩ થી ૧૮
૧૬	વેડછી	૧	વેડછી
		૨	અંબાચ

તાલુકા પંચાયતનું નામ- સોનગઢ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧	આમલગુંડી	૧	ગોપાલપુરા
		૨	વડપાડા પ્ર ઉમરદા
		૩	વાંઝાફળી
		૪	આમલગુંડી
		૫	ચકવાણ
૨	અગાસવાણ	૧	નિશાણા
		૨	ચાકળીયા
		૩	અગાસવાણ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૩	ચિમેર	૧	મલંગદેવ
		૨	વિરથવા
		૩	કરવંદા
		૪	ખપાટીયા
		૫	મોહપાડા (મલંગદેવ)
		૬	ગોલણ
		૭	ચિમેર
૪	ધમોડી	૧	ટીચકીયા
		૨	મહુડી
		૩	જુનવાણ
		૪	હનુમંતિયા
		૫	ધમોડી
૫	ડોસવાડા	૧	ડોસવાડા
		૨	કનાળા
		૩	કુમકુવા
૬	ગાળકુવા	૧	બંધારપાડા
		૨	ગતાડી
		૩	વડપાડા પ્ર. ટોકરવા
		૪	ગાળકુવા
		૫	ઘોડચિત
૭	હિરાવાડી	૧	હિરાવાડી
		૨	બેડવાણ પ્ર. ઉમરદા
		૩	મેંઢસીંગી
		૪	કાનાદેવી
		૫	રામપુરા કાનાદેવી
		૬	નાના બંધારપાડા
		૭	આંબા
		૮	કુકરા ડુંગરી
		૯	કાકડ કુવા પ્ર. ઉમરદા
૮	જામખડી	૧	કણજી
		૨	ભરાડદા
		૩	સાદડવેલ
		૪	જામખડી
		૫	ખોખસા
		૬	દોણ
૯	ખાંજર	૧	ખાંજર
		૨	કાકડ કુવા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
		૩	રૂપવાડા
		૪	ઘાચીકુવા
		૫	ખરસી
		૬	બેડપાડા
૧૦	કિકાકુઈ	૧	પોખરણ
		૨	સાદડકુવા
		૩	બેડવાણ ખડકા
		૪	આચલવા
		૫	કિકાકુઈ
૧૧	માંડળ	૧	દેવલપાડા
		૨	ચોરવાડ
		૩	માંડળ
		૪	ખાંભલા
		૫	ચિખલી ખડકા
૧૨	મેંઢા	૧	મેઢા
		૨	હિંદલા
		૩	એકવા ગોલણ
		૪	નાના તારપાડા
		૫	ઓઝર
		૬	ખડી
		૭	શ્રાવણીયા
		૮	કાંટી
		૯	કાલઘર
		૧૦	લવચાલી
૧૩	મોંઘવાણ	૧	સાંઢકુવા
		૨	મોંઘવાણ
		૩	મૈયાલી
		૪	મોટા સાતસીલા
		૫	કાળાઘાટ
		૬	ઘોડી રૂવાળી
		૭	બોરકુવા
૧૪	મોટા તારપાડા	૧	ઘુંટવેલ
		૨	વડદા પ્ર. ઉમરદા
		૩	ખોગલ ગામ
		૪	કપડબંધ
		૫	સિરિશપાડા
		૬	વાડી રૂપગઢ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
		૭	ચિખલપાડા
		૮	મોટા તારપાડા
૧૫	રાણીઆંબા	૧	રામપુરા કોઠાર
		૨	ચાંપાવાડી
		૩	રાણીઆંબા
		૪	ચિમકુવા
		૫	ચાંપલધરા
		૬	બાલઅમરાઇ
		૭	ગાયસાવર
૧૬	સાદડુન	૧	સિનોદ
		૨	લાંગડ
		૩	ઘુસરગામ
		૪	ભોરથવા
		૫	ઓટા
		૬	રાસમાટી
		૭	પહાડદા
		૮	માળ
		૯	સાદડુન
૧૭	ટાપરવાડા	૧	ટાપરવાડા
		૨	ટેમ્કા
		૩	મસાનપાડા
		૪	દરડી
		૫	ગુનખડી
		૬	ધનમૌલી
		૭	અમથવા
		૮	સેલઝર
		૯	ઉમરદા
		૧૦	બોરપાડા
૧૮	ટોકરવા (સેગુપાડા)	૧	ટોકરવા (સેગુપાડા)
		૨	ઝરાલી
		૩	કુકડઝર
		૪	તરસાડી
		૫	મોટી ભુરવાણ
		૬	ઓટા ટોકરવા
		૭	નાની ભુરવાણ
		૮	ટોકરવા (જામણકુવા)

તાલુકા પંચાયતનું નામઃ ઉકાઈ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧	આમલપાડા	૧	જુની સેલ્ટીપાડા
		૨	પાઘડધુવા
		૩	જુના આમલપાડા
		૪	બુધવાડા
		૫	આમલપાડા
		૬	કુઈલીવેલ
૨	ભીમપુરા	૧	ભીમપુરા
		૨	સિંગલખાંચ
		૩	પાથરડા
		૪	સિલેટવેલ
૩	બોરદા	૧	બોરદા
		૨	ઝરીઆંબા
		૩	ગુંદી
		૪	બાવલી
૪	ઘજાંબા	૧	વેલઝર
		૨	જમાપુર
		૩	બેડવાણ પ્ર. ભેંસરોટ
		૪	ઘજાંબા
૫	દુમદા	૧	વાગદા
		૨	દુમદા
		૩	કેલાઇ
		૪	આમલીપાડા
૬	ફતેપુર	૧	વાજપુર
		૨	એકલખામ
		૩	માંડવીપાણી
		૪	પિંપરીપાડા
		૫	ફતેપુર
		૬	મૌનિપાડા
		૭	લીંબાડી
૭	ગુણસદા	૧	ગુણસદા
૮	ખેરવાડા	૧	સામરકુવા
		૨	સિંગલવાણ
		૩	નિંદવાડા
		૪	આમલદી
		૫	અજવાર
		૬	ભટવાડા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
		૭	જુનાઇ
		૮	ખેરવાડા
૯	લીંબી	૧	સરજાંમલી
		૨	સેરૂલા
		૩	લીંબી
૧૦	પીપળકુવા	૧	મોટી ખેરવાણ
		૨	નાની ખેરવાણ
		૩	પીપાળકુવા
૧૧	સાતકાશી	૧	સાતકાશી
		૨	જુની કુઇલીવેલ
૧૨	સીંગપુર	૧	વેકુર
		૨	વાઘનેરા
		૩	બેરીસાવર
		૪	સીંગપુર
૧૩	સીસોર	૧	સીસોર
		૨	ભાનપુર
		૩	પાંચપીપળા
		૪	ઘાસિયામેઢા
૧૪	ઉખલદા	૧	ઉખલદા
		૨	ગાલખાડી
		૩	ઝાડપાટી
		૪	કાવલા
		૫	આમલી
૧૫	વાડી ભેંસરોટ	૧	વડદા પ્ર ભેંસરોટ
		૨	ઘોડા
		૩	વાડી ભેંસરોટ
૧૬	વાઝરડા	૧	ચીખલી ભેંસરોટ
		૨	વાઝરડા
		૩	બેડી

તાલુકા પંચાયતનું નામ: ઉચ્છલ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧	આનંદપુર	૧	આનંદપુર
		૨	અભણકુવા(જામણે)
		૩	અભણકુવા(નાનછલ)
		૪	સેલુડ
		૫	ચચરબુંદા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
		૬	કોકમ્બે
		૭	ચઢાવબુંદા
૨	ભડભુંજા	૧	ભડભુંજા
		૨	ઝરણપાડા
૩	ભીંતબુદ્રક	૧	ભીંતબુદ્રક
		૨	સુંદરપુર
		૩	માણેકપુર
		૪	જુની કાચલી
૪	ભીંતખુર્દ	૧	ભીંતખુર્દ
		૨	રાવજીબુંદા
		૩	હરિપુર
		૪	વડપાતલ
૫	ચીખલી	૧	ચીખલી(લીંબાસોટી)
		૨	મોગરબારા
		૩	પેથાપુર
		૪	નુરાબાદ
		૫	વડદેખુર્દ
		૬	કમલાપુર
		૭	નવુ સસા
		૮	જામલી
		૯	મોગરાણી
૬	કરોડ	૧	કરોડ
		૨	ફુલઉમરાણ
૭	કટાસવાણ	૧	કટાસવાણ
		૨	સાકરદા
		૩	સાકરદા-સસે
		૪	જામકી
		૫	ધજ
૮	ખાબદા	૧	ખાબદા
		૨	બાબરઘાટ
		૩	છાપટી
૯	મીરકોટ	૧	મીરકોટ
		૨	થુટી
		૩	પાંખરી
		૪	પરચુલી
૧૦	મોગરાણ	૧	મોગરાણ
		૨	ગવાણ

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
		૩	ટાવલી
		૪	વડગામ જુનુ
૧૧	મોહિની-૧	૧	મોહિની
		૨	આમકુટી
		૩	જામવાણ
		૪	ધુપી
		૫	વડગામ નવા
૧૨	મોહિની-૨	૧	ટોકરવા નેસુ
		૨	કાટીસકુવા
		૩	વાઘસેપા મોટા
		૪	વાઘસેપા નાના
		૫	ચંદાપુર
૧૩	પાટીબંધારા	૧	પાટીબંધારા
		૨	જામતલાવ
		૩	મોહપાડા
		૪	ચીતપુર
		૫	સયાજીગામ
		૬	ચઢવાણ
૧૪	સેવટી	૧	સેવટી
		૨	આરકાટી
		૩	આડગામ
		૪	નવી કાચલી
		૫	કુઈદા
૧૫	ઉચ્છલ	૧	ઉચ્છલ
૧૬	વડપાડા નેસુ	૧	વડપાડા નેસુ
		૨	નારણપુર

તાલુકા પંચાયતનું નામઃ નિઝર

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧	ભીલજાંબોલી	૧	ભીલજાંબોલી
		૨	ગુજ્જરપુર
		૩	કાલીઆંબા
		૪	ગામડી
૨	બોરદા	૧	બોરદા
		૨	આડદા
		૩	દેવલપાડા
		૪	બોરઠા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૩	હરદુલી દિગર	૧	હરદુલી દિગર
		૨	વાંકા
		૩	અંતુર્લી
૪	ખોડદા	૧	ખોડદા
		૨	નેવાળા
		૩	કાવઠા
૫	કોઠલી બુદ્રક	૧	કોઠલી બુદ્રક
		૨	મુબારકપુર
૬	લક્ષ્મીખેડા	૧	લક્ષ્મીખેડા
		૨	નવલપુર ફ.
		૩	બંધારપાડા ફ.
		૪	જુની ભીલભવાલી
૭	નિઝર-૧	૧	નિઝર વોર્ડ નં. ૧ થી ૭
૮	નિઝર-૨	૧	નિઝર વોર્ડ નં. ૮ થી ૧૨
૯	રાયગઢ-૧	૧	રાયગઢ વોર્ડ નં. ૧ થી ૬ ૧/૨
		૨	પીંપરીપાડા
૧૦	રાયગઢ-૨	૧	રાયગઢ વોર્ડ નં. ૬ ૧/૨ થી ૧૨
		૨	વેડાપાડા
		૩	લેકુરવાડી
		૪	હાથનુર દિગર
		૫	મૌલીપાડા
		૬	નાસરપુર
૧૧	સરવાળા	૧	સરવાળા
		૨	ચીંચોદા
		૩	શેલુ
		૪	દેવાળા
૧૨	શાલે-૧	૧	શાલે વોર્ડ નં. ૧ થી ૮
		૨	ખનોરા
		૩	નવી ભીલભવાલી
		૪	બોરઠા (નવલપુર)
		૫	ખેરવા
		૬	આરકુંડ
		૭	દેવમોગરા
૧૩	શાલે-૨	૧	શાલે વોર્ડ નં. ૯ થી ૧૬
		૨	રૂમકીતલાવ
		૩	તાપી ખડકલા
		૪	વડલી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧૪	વેલદા-૧	૧	વેલદા વોર્ડ નં. ૧ થી ૬ ૧/૨
૧૫	વેલદા-૨	૧	વેલદા વોર્ડ નં. ૬ ૧/૨ થી ૧૨
૧૬	વ્યાવલ	૧	વ્યાવલ
		૨	સુલવાડા
		૩	પિપળોદ તર્ફે નિઝર
		૪	હિંગણી દિગર

તાલુકા પંચાયતનું નામઃ કુકરમુંડા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧	બહુરૂપા	૧	બહુરૂપા
		૨	મટાવલ
		૩	પિંપલાસ
		૪	આમોદા તર્ફે તળોદા
૨	બાલદા	૧	બાલદા
		૨	નિંભોરા
૩	બાલંબા	૧	આમોદા તર્ફે સતોણા
		૨	બાલંબા
૪	ચોખીઆમલી	૧	ચોખીઆમલી
		૨	બોરીકુવા
		૩	વરપાડા
		૪	અક્કલઉતારા
		૫	ઝાંપાઆમલી
		૬	ચેમાવાડી
		૭	ઝુમકટી
૫	ડાબરીઆંબા(ગંગથા)	૧	ડાબરીઆંબા
		૨	ગંગથા
		૩	ઝરીબેડા
		૪	પિંપરીપાડા ફ.
૬	ફુલવાડી-૧ (કુકરમુંડા-૧)	૧	ફુલવાડી-૧ (કુકરમુંડા-૧)
૭	ફુલવાડી-૨ (કુકરમુંડા-૨)	૧	ફુલવાડી-૨ (કુકરમુંડા-૨)
૮	ફુલવાડી-૩	૧	ફુલવાડી-૩ (ડોડવા, કોરાલા ફ.)
		૨	તુલસા
૯	ફુલવાડી-૪	૧	ફુલવાડી (ગોરાસા)
		૨	ફુલવાડી (પાટી)
		૩	ફુલવાડી (ઉટાવદ)
		૪	ફુલવાડી (કંડ્રોજ)
		૫	ફુલવાડી (કેળણી, કૌઠીપાડા ફ.)
		૬	ગાડીત

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ	
૧૦	ઈંટવાઇ	૧	ઈંટવાઇ
		૨	પાટીપાડા
		૩	પરોડ (ઉદમગડી)
		૪	ઉમઝા
૧૧	કેવડામોઇ	૧	કેવડામોઇ
		૨	રણાઈચી
		૩	પાણીબારા
		૪	આશાપુર
		૫	મેઢપુર
		૬	મોદલા(ચીખલીપાડા)
		૭	બાલંબા(વેશગામ)
૧૨	મટાવલ	૧	મટાવલ
		૨	અશ્રાવા
		૩	આષ્ટા તર્ફે બુધાવલ
		૪	ચીરમટી
		૫	હથોડા
૧૩	મોરંબા	૧	મોરંબા
		૨	તોરંદા
૧૪	પિશાવર	૧	પિશાવર
		૨	ઉભદ
૧૫	રાજપુર	૩	રાજપુર
		૪	બાલંબા(બેજ)
		૫	બાલંબા(મૌલીપાડા)
૧૬	સદગવાણ	૧	સદગવાણ
		૨	ભમશાળ
		૩	સાતોળા
		૪	હોળ

આર. જી. ગોહિલ,

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.03.16 15:31:28 IST